1. ઈસ્ટ ઈન્ડીયા કંપનીની ભારત સાથેના વ્યાપારની ઈજારાશાહી (એકાધિકાર) ક્યા અધિનિયમથી નાબૂદ કરવામાં આવી હતી?

A. ચાર્ટર એક્ટ 1813 B. ચાર્ટર એક્ટ 1833

C. ચાર્ટર એક્ટ 1853 D. ભારત સરકાર અધિનિયમ 1858

**જવાબ:- A. 1813નો ચાર્ટર એક્ટ**

⇒ ચાર્ટર એક્ટ 1813થી ભારત સાથેના વ્યાપારની ઈજારાશાહી નાબૂદ કરવામાં આવી, પરંતુ ચીન અને પૂર્વી દેશો સાથેના વ્યાપારની ઈજારાશાહી ૨૦ વર્ષ માટે વધારવામાં આવી હતી.

⇒ ચાર્ટર એક્ટ 1833થી કંપનીની વ્યાપાર માટેની તમામ ઈજારાશાહી નાબૂદ કરવામાં આવી હતી.

2. બંગાળાના ગવર્નર જનરલને ભારતના ગવર્નર જનરલ ક્યા અધિનિયમથી બનાવવમાં આવ્યા હતા?

A. પિટ્સ ઈન્ડીયા એક્ટ 1784 B. ચાર્ટર એક્ટ 1833

C. ચાર્ટર એક્ટ 1853 D. ભારત સરકાર અધિનિયમ 1858

**જવાબ:- B. 1833નો ચાર્ટર એક્ટ**

⇒ આ અધિનિયમ અંતર્ગત લોર્ડ વિલિયમ બેન્ટિક ભારતનાં પ્રથમ ગવર્નર જનરલ બન્યા હતા.

⇒ આ અધિનિયમની કલમ 87 મુજબ કંપનીમાં હોદ્દો ધારણ કરવા માટે કોઈપણ વ્યક્તિને ધર્મ, જન્મ સ્થળ, મૂળ વંશ કે રંગના આધારે ગેરલાયક નહી ગણવાની જોગવાઈ કરવામાં આવી.

⇒ ગવર્નર જનરલને સમગ્ર દેશ માટે એક જ બજેટ તૈયાર કરવાનો અધિકાર આપવામાં આવ્યો.

Downloaded from www.gkgujarat.com

3. ક્યા દેશના બંધારણમાંથી ભારતના બંધારણમાં પ્રસ્તાવનાનો ખ્યાલ લેવામાં આવ્યો છે?

A. સંયુક્ત રાજ્ય અમેરિકા B. રશિયા

C. જર્મની D. બ્રિટન

**જવાબ:- A. સંયુક્ત રાજ્ય અમેરિકા**

❖ <u>ભારતનાં બંધારણના વિદેશી સ્ત્રોતો</u>

⇒ **બ્રિટન:-** સંસદાત્મક શાસન પ્રણાલી, એકલ નાગરિકતા, કાયદો ઘડવાની પ્રક્રિયા

⇒ **સંયુક્ત રાજ્ય અમેરિકા:-** મૂળભૂત અધિકારો, ન્યાયિક પુનરાવલોકન, બંધારણની સર્વોચ્ચતા, ન્યાયતંત્રની સ્વતંત્રતા, ચૂંટાયેલા રાષ્ટ્રપતિ અને તેના પર મહાભિયોગ, ઉપ રાષ્ટ્રપતિ, સર્વોચ્ચ ન્યાયલય અને ઉચ્ચ ન્યાયાલયના ન્યાયધીશોને હોદ્દા પરથી દૂર કરવાની પ્રક્રિયા અને નાણાકીય કટોકટી

⇒ **રશિયા:-** મૂળભૂત ફરજો

⇒ **જર્મની:-** કટોકટી સમયે રાષ્ટ્રપતિની મૂળભૂત અધિકારો સંબંધિત સત્તાઓ

⇒ **આયર્લેન્ડ:-** રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો, રાષ્ટ્રપતિ માટેનું નિર્વાચક મંડળ, રાષ્ટ્રપતિ દ્વારા રાજ્યસભામાં સાહિત્ય, કલા, વિજ્ઞાન, સમાજસેવા વગેરે ક્ષેત્રોમાં ખ્યાતિ પ્રાપ્ત વ્યક્તિઓનું નામાંકન (પસંદગી- Nomination)

⇒ **દક્ષિણ આફ્રિકા:-** બંધારણમાં સંશોધનની પ્રક્રિયા

⇒ **ઓસ્ટ્રેલીયા:-** પ્રસ્તાવનાની ભાષા, સમવર્તિ સૂચિ સંયુક્ત યાદી)ની જોગવાઇ, કેન્દ્ર અને રાજ્યના સંબંધો અને સત્તાઓની વંહેચણી, સંસદીય વિશેષાધિકાર

⇒ **કેનેડા:-** સંઘાત્મક વિશેષતાઓ, અવશિષ્ટ શક્તિઓ કેન્દ્ર પાસે, રાજ્યપાલની નિમણુંક વિષયક પ્રક્રિયા અને જોગવાઇ, કેન્દ્ર અને રાજ્યો વચ્ચે સત્તાનું વિભાજન

⇒ **જાપાન:-** કાયદા દ્વારા સ્થાપિત પ્રક્રિયા

Downloaded from www.gkgujarat.com

⇒ ભારતના બંધારણ પર સૌથી વધારે અસર ભારત શાસન અધિનિયમ 1935ની છે. આપણા બંધારણના 395 અનુચ્છેદોમાંથી 250 અનુચ્છેદો એવા છે કે જે ભારત શાસન અધિનિયમ 1935માંથી શબ્દશ: લેવામાં આવ્યા છે અથવા તેમાં થોડો ઘણો ફેરફાર કરીને લેવામાં આવ્યા છે.

4. બંગાળમા સર્વોચ્ચ ન્યાયાલયની સ્થાપના નીચેનામાથી કોના દ્વારા કરવામા આવી હતી?

A. રેગ્યુલેટીંગ એક્ટ 1773 B. પિટ્સ ઈન્ડીયા એક્ટ 1784

C. ચાર્ટર એક્ટ 1813 D. ભારત શાસન અધિનિયમ 1858

**જવાબ:- A. રેગ્યુલેટિંગ એક્ટ 1773**

⇒ ઈ.સ. 1774માં કલકત્તામાં સર્વોચ્ચ ન્યાયાલયની સ્થાપના કરવામાં આવી હતી. જેમા એક મુખ્ય ન્યાયાધીશ અને ત્રણ અન્ય ન્યાયાધીશો હતા.

⇒ **સર એલીજા ઈમ્પે પ્રથમ મુખ્ય ન્યાયાધીશ** બન્યા હતા. અન્ય ત્રણ ન્યાયાધીશો ચેમ્બર્સ, લિમેંસ્ટર અને હાઈડ હતા.

⇒ રેગ્યુલેટિંગ એક્ટ 1773થી બંગાળના ગવર્નર બંગાળના ગવર્નર જનરલ બન્યા. મુંબઈ અને મદ્રાસનાં ગવર્નર તેમને આધિન બન્યા.

⇒ રેગ્યુલેટિંગ એક્ટ 1773 મુજબ **પ્રથમ ગવર્નર જનરલ "લોર્ડ વોરન હેસ્ટિંગ્સ"** બન્યા.

5. ભારતમાં વિધિ આયોગ (Law Commission)ની જોગવાઈ ક્યા અધિનિયમથી કરવામાં આવી હતી?

A. ચાર્ટર એક્ટ 1813 B. ચાર્ટર એક્ટ 1833

C. ચાર્ટર એક્ટ 1853 D. ભારત શાસન અધિનિયમ 1858

**જવાબ:- B. ચાર્ટર એક્ટ 1833**

⇒ આ કાયદા અંતર્ગત ભારતીય કાયદાઓનું વર્ગીકરણ કરવામાં આવ્યું હતું. આ કાર્ય માટે એક વિધિ આયોગ નિમવાની જોગવાઈ કરવામાં આવી હતી.

⇒ લોર્ડ મેકોલોની અધ્યક્ષતામાં પ્રથમ વિધિ આયોગની રચના કરવામાં આવી હતી.

Downloaded from www.gkgujarat.com 

6. સ્વતંત્રતા પ્રાપ્તિ બાદ ઈ.સ.1953માં રચવામાં આવેલ રાજ્ય પૂનર્ગઠન આયોગનાં અધ્યક્ષ કોણ હતા?

A. પંડિત જવાહરલાલ નહેરૂ
B. પંડિત હ્રદયનાથ કુંજરૂ
C. ફજલ અલી
D. સરદાર કે. એમ. પાણિક્કર

**જવાબ:- C. ફજલ અલી**

7. ભારતનું બંધારણ જે બંધારણસભા દ્વારા ઘડવામાં આવ્યું છે તે બંધારણસભાની રચના કોના અંતર્ગત કરવામાં આવી હતી?

A. ભારત સરકાર અધિનિયમ 1935
B. કેબિનેટ મિશન યોજના 1946
C. ભારત સ્વતંત્રતા અધિનિયમ 1947
D. ઓગષ્ટ પ્રસ્તાવ

**જવાબ:- B. કેબિનેટ મિશન યોજના 1946**

⇒ કેબિનેટ મિશનનાં સભ્યો:- સર સ્ટેફોર્ડ ક્રિપ્સ, લોર્ડ પેંથિક લોરેન્સ, એ.બી. એલેક્ઝાન્ડર

8. ભારતમાં મહિલાઓને સૌપ્રથમવાર મત આપવાના અધિકારની જોગવાઈ ક્યા અધિનિયમમાં કરવામાં આવી હતી?

A. ભારતીય પરિષદ અધિનિયમ 1909
B. ભારત શાસન અધિનિયમ 1919
C. ચાર્ટર એક્ટ 1853
D. ભારત શાસન અધિનિયમ 1858

**જવાબ:- B. ભારત શાસન અધિનિયમ 1919 (મોન્ટેન્ગ્યુ- ચેમ્સફોર્ડ સુધારો)**

⇒ ભારતીય પરિષદ અધિનિયમ 1909ને માર્લો-મિન્ટો સુધારો કહેવામાં આવે છે.

9. ભારતમાં દાસપ્રથાની નાબૂદી ક્યા અધિનિયમથી કરવામાં આવી હતી?

A. પિટ્સ ઈન્ડીયા એક્ટ 1784
B. ચાર્ટર એક્ટ 1833

Downloaded from www.gkgujarat.com

C. ચાર્ટર એક્ટ 1853 D. ભારત શાસન અધિનિયમ 1858

**જવાબ:- B. ચાર્ટર એક્ટ 1833**

⇒ ચાર્ટર એક્ટ 1833થી દાસપ્રથા ગેરકાયદેસર જાહેર કરવામાં આવી હતી.

⇒ ઈ.સ. 1843માં દાસપ્રથા નાબૂદ કરવામાં આવી હતી.

10. ભારતમાં સિવિલ સેવાઓ માટે જાહેર સ્પર્ધાની જોગવાઈ ક્યા અધિનિયમથી કરવામાં આવી હતી?

A. પિટ્સ ઈન્ડીયા એક્ટ 1784 B. ચાર્ટર એક્ટ 1833

C. ચાર્ટર એક્ટ 1853 D. ભારત શાસન અધિનિયમ 1858

**જવાબ:- C. ચાર્ટર એક્ટ 1853**

11. મુસ્લીમો માટે અલગ નિર્વાચન વ્યવસ્થાની જોગવાઈ ક્યા અધિનિયમમાં કરવામાં આવી હતી?

A. ભારતીય પરિષદ અધિનિયમ 1909 B. ભારત શાસન અધિનિયમ 1919

C. ચાર્ટર એક્ટ 1853 D. ભારત શાસન અધિનિયમ 1858

**જવાબ:- A. ભારતીય પરિષદ અધિનિયમ 1909**

⇒ આ અધિનિયમે સાંપ્રદાયિકતાને કાનૂની પીઠબળ પુરું પાડ્યુ.

⇒ લોર્ડ મીન્ટો સાંપ્રદાયિક નિર્વાચનના પિતા તરીકે ઓળખાયા.

12. ભાષાના આધારે રચવામાં આવેલું ભારતનું પ્રથમ રાજ્ય ક્યું હતું?

A. મહારાષ્ટ્ર B. હરિયાણા

C. આંધ્ર પ્રદેશ D. નાગાલેન્ડ

**જવાબ:- C. આંધ્રપ્રદેશ**

GK Gujarat.Com

⇒ મદ્રાસ રાજ્યના તેલુગું ભાષીઓએ પોટીશ્રી રામુલ્લુના નેતૃત્વમાં આંદોલન કર્યું. 58 દિવસનાં ઉપવાસ બાદ 15 ડિસેમ્બર 1952નાં રોજ તેનું મૃત્યું થયું. જેનાથી આંદોલન ઉગ્ર બન્યું.

⇒ 1 ઓક્ટોબર 1953નાં રોજ આંધ્રપ્રદેશ નવું રાજ્ય બન્યું. તે સમયે તેની રાજધાની કર્નૂલ હતી.

13. ભારતનું બંધારણ બનાવવા માટે રચવામાં આવેલ સંઘ શક્તિ સમિતિનાં અધ્યક્ષ કોણ હતા?

A. સરદાર વલ્લભભાઈ પટેલ
B. ડો. બી. આર. આંબેડકર
C. બી. એન. રાવ
D. પંડિત જવાહરલાલ નહેરૂ

**જવાબ:- D. પંડિત જવાહરલાલ નહેરૂ**

❖ **ભારતના બંધારણ સંદર્ભે બનાવવામાં આવેલ સમિતિ અને તેના અધ્યક્ષ**

| સમિતિ | અધ્યક્ષ |
|---|---|
| 1. સંઘ શક્તિ સમિતિ | પંડિત જવાહરલાલ નહેરૂ |
| 2. સંઘ સંવિધાન સમિતિ | પંડિત જવાહરલાલ નહેરૂ |
| 3. પ્રાંતીય સંવિધાન સમિતિ | સરદાર વલ્લભભાઈ પટેલ |
| 4. મૂળભૂત અધિકાર અને લઘુમતિ સમિતિ | સરદાર વલ્લભભાઈ પટેલ |
| 5. કાર્ય સંચાલન સમિતિ | કનૈયાલાલ મુન્શી |
| 6. પ્રારૂપ સમિતિ | ડો. બી.આર. આંબેડકર |
| 7. પ્રારૂપ સમીક્ષા સમિતિ | અલ્લાદી કૃષ્ણાસ્વામી અય્યર |

14. કેન્દ્ર અને રાજ્યો વચ્ચેનાં વિષયોનું વિભાજન કેન્દ્ર સૂચિ, રાજ્ય સૂચિ અને સમવર્તિ સૂચિ એમ ત્રણ યાદીઓમાં વિભાજન ક્યા અધિનિયમ અંતર્ગત કરવામાં આવ્યું હતું?

A. ભારતીય પરિષદ અધિનિયમ 1909
B. ભારત શાસન અધિનિયમ 1919
C. ભારત સરકાર અધિનિયમ 1935
D. ભારતીય સ્વતંત્રતા અધિનિયમ 1947

Downloaded from www.gkgujarat.com

**જવાબ:- C. ભારત સરકાર અધિનિયમ 1935**

⇒ આ અધિનિયમમાં પ્રસ્તાવનાનો અભાવ હતો.

⇒ આ અધિનિયમમાં 451 કલમો અને 15 પરિશિષ્ટો હતા.

⇒ આ અધિનિયમની જોગવાઈથી એક અખિલ ભારતીય સંઘ બનવાનો હતો. જેમાં 11 બ્રિટિશ પ્રાંતો, 6 મુખ્ય કમિશનરના ક્ષેત્રો અને જે દેશી રજવાડાઓ સ્વેચ્છાએ જોડાય તેનાથી બનવાનો હતો.

⇒ પ્રાંતોને સ્વાયતતા આપવામાં આવી. સ્વતંત્ર આર્થિક સત્તા અને સંસાધનો આપવામાં આવ્યા.

⇒ આ અધિનિયમથી ભારત પરિષદનો અંત કરી દેવામાં આવ્યો.

⇒ કેન્દ્રીય ન્યાયાલય અને કેન્દ્રીય બેંકની સ્થાપના કરવામાં આવી.

⇒ બર્માને ભારતથી અલગ કરવામાં આવ્યું.

15. બંધારણસભાની પ્રથમ બેઠક ક્યારે મળી હતી?

A. 9 ડિસેમ્બર 1946 B. 11 ડિસેમ્બર 1946

C. 13 ડિસેમ્બર 1946 D. 15 ડિસેમ્બર 1946

**જવાબ:- A. 9 ડિસેમ્બર 1946**

⇒ કેબિનેટ મિશનની ભલામણોના આધારે ભારત માટે બંધારણ ઘડવા બંધારણસભાની રચના જુલાઈ 1946માં કરવામાં આવી હતી.

⇒ 9 ડિસેમ્બર 1946ના રોજ યોજાયેલ બંધારણસભાની પ્રથમ બેઠકમાં સૌથી વરિષ્ઠ સભ્ય એવા સચ્ચિદાનંદ સિન્હાને પ્રથમ અસ્થાયી અધ્યક્ષ બનાવવામાં આવ્યા.

⇒ 11 ડિસેમ્બર 1946નાં રોજ ડો. રાજેંદ્રપ્રસાદને બંધારણસભાના કાયમી અધ્યક્ષ તરીકે ચૂંટવામાં આવ્યા.

Downloaded from www.gkgujarat.com

16. બંધારણસભામાં બંધારણનું પ્રથમ વાચન ક્યારે કરવામાં આવ્યું હતું?

A. 11 ડિસેમ્બર 1946થી 26 ડિસેમ્બર 1946

B. 4 નવેમ્બર 1948થી 9 નવેમ્બર 1948

C. 15 નવેમ્બર 1948થી 17 ઓક્ટોબર 1949

D. 14 નવેમ્બર 1949થી 26 નવેમ્બર 1949

**જવાબ:- B. 4 નવેમ્બર 1948થી 9 નવેમ્બર 1948**

⇒ 15 નવેમ્બર 1948થી 17 ઓક્ટોબર 1949 – દ્વિતીય વાચન

⇒ 14 નવેમ્બર 1949થી 26 નવેમ્બર 1949 – તૃતીય વાચન

⇒ 26 નવેમ્બર 1949નાં રોજ બંધારણસભા દ્વારા બંધારણ મંજુર કરવામાં આવ્યું હતું.

⇒ બંધારણ મંજુર કરતી વખતે 284 સભ્યો હાજર હતાં.

⇒ બંધારણ ઘડતરની કામગીરીમાં 2 વર્ષ 11 મહિના અને 18 દિવસનો સમય લાગ્યો હતો.

⇒ બંધારણ બન્યું ત્યારે તેમાં 22 ભાગ, 395 અનુચ્છેદો અને 8 અનુસૂચિઓ હતી.

17. 30 જૂન 1948 સુધીમાં ભારતને સ્વતંત્રતા આપી દેવાની જાહેરાત કરનાર બ્રિટનના વડાપ્રધાન કોણ હતા?

A. બોલ્ડવિન

B. વીન્સટન સર્ચિલ

C. ક્લીમેન્ટ એટલી

D. રેમ્સે મેકડોનાલ્ડ

**જવાબ:- C. ક્લીમેન્ટ એટલી**

⇒ ક્લીમેન્ટ એટલીએ ભારતને સ્વતંત્રતા આપી દેવાની જાહેરાત 20 ફેબ્રુઆરી 1947ના રોજ કરી હતી.

⇒ બોલ્ડવિન જ્યારે બ્રિટનના વડાપ્રધાન હતા ત્યારે 8 નવેમ્બર 1927ના રોજ સર જોન સાઈમનની અધ્યક્ષતામાં સાઈમન કમીશન તેમણે ભારત મોકલ્યું હતું.

Downloaded from www.gkgujarat.com

18. સ્વતંત્ર ભારતનાં પ્રથમ મુખ્ય ચૂંટણી કમીશનર કોણ હતાં?

A. અબુલ કલામ આઝાદ
B. જસ્ટીસ હિરાલાલ જે. કાણીયા
C. ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન
D. સુકુમાર સેન

**જવાબ:- D. સુકુમાર સેન**

⇒ અબુલ કલામ આઝાદ સ્વતંત્ર ભારતના પ્રથમ શિક્ષણમંત્રી હતા.

⇒ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન ભારતનાં પ્રથમ ઉપરાષ્ટ્રપતિ હતા.

⇒ જસ્ટીસ હિરાલાલ જે. કાણીયા સ્વતંત્ર ભારતનાં પ્રથમ મુખ્ય ન્યાયમુર્તિ હતા.

19. આપણા દેશમાં મતાધિકારની ઉંમર 21 વર્ષથી ઘટાડીને 18 વર્ષ ક્યા બંધારણીય સુધારાથી કરવામાં આવી?

A. 52મો બંધારણીય સુધારો
B. 61મો બંધારણીય સુધારો
C. 65મો બંધારણીય સુધારો
D. 69મો બંધારણીય સુધારો

**જવાબ:- B. 61મો બંધારણીય સૂધારો, 1989**

⇒ **52મો બંધારણીય સુધારો:-** આ સુધારાથી પક્ષપલટા પર અંકુશ લાવવા કાયદો બનાવ્યો.

- જે પક્ષમાં ઉભા રહીને કોઈ ઉમેદવાર ચૂંટણી લડીને ધારાસભ્ય કે સંસદસભ્ય બન્યા હોય તે ઉમેદવાર ચૂંટાયા બાદ પક્ષ છોડી દે એટલે કે પક્ષ પલટો કરે તો તેને ગેરલાયક ઠેરવવામાં આવશે.
- કોઈ પક્ષના એક તૃતીયાંશ ચૂંટાયેલા સભ્યો અલગ પક્ષ બનાવે તો તેને ગેરલાયક ઠેરવવામાં આવશે નહી.
- પક્ષ પલટા અંગેની જોગવાઈઓ બંધારણની 10મી અનુસૂચિમાં રાખવામાં આવી છે.

⇒ **65મો બંધારણીય સુધારો:-** અનુચ્છેદ 338માં સંશોધન કરીને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ આયોગની રચના કરવામાં આવી.

⇒ **69મો બંધારણીય સુધારો:-** દિલ્હીને રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર બનાવવામાં આવ્યું. દિલ્હી કેન્દ્રશાસિત પ્રદેશ માટે વિધાનસભા અને મંત્રીમંડળની જોગવાઇ કરવામાં આવી.

20. બંધારણની પ્રસ્તાવનામાં અત્યાર સુધીમાં કુલ કેટલા સંશોધન કરવામાં આવ્યા છે?

A. એક | B. બે
C. ત્રણ | D. એક પણ નહી

**જવાબ:- A. એક**

⇒ 42મો બંધારણીય સુધારો-1976થી પ્રસ્તાવનામાં સંશોધન કરવામાં આવ્યું હતું અને પ્રસ્તાવનામાં "સમાજવાદી, બિન સાંપ્રદાયિક, એકતા અને અખંડતા" શબ્દો જોડવામાં આવ્યા હતાં.

21. નીચેના પૈકી ક્યુ સૌ પ્રથમ બન્યું હતું?

A. વેવેલ યોજના | B. ઓગષ્ટ પ્રસ્તાવ
C. ક્રિપ્સ મિશન | D. કેબિનેટ મિશન

**જવાબ:- B. ઓગષ્ટ પ્રસ્તાવ**

⇒ ઓગષ્ટ પ્રસ્તાવ – 8 ઓગષ્ટ 1940

⇒ ક્રિપ્સ મિશન – માર્ચ 1942

⇒ વેવેલ યોજના – 25 જૂન 1945

⇒ કેબિનેટ મિશન – માર્ચ 1946

22. સર્વોચ્ચ ન્યાયાલયે ક્યા કેસમાં પ્રસ્તાવનાને બંધારણનો ભાગ નહોતી માની?

A. કેશવાનંદ ભારતી | B. મદન ગોપાલ
C. બેરૂબાડી કેસ | D. આમાનું એકપણ નહી

GK Gujarat.Com

જવાબ:- C. બેરૂબાડી કેસ 1960

⇒ કેશવાનંદ ભારતી V/S કેરલ રાજ્ય કેસ-1973માં સર્વોચ્ચ ન્યાયાલયે પ્રસ્તાવનાને બંધારણનો ભાગ માની. અને મૂળ ઢાચાનો સિધ્ધાંત (Theory of Basic Structure) આપ્યો. એટલે કે સંસદ બંધારણના મૂળ ઢાચામાં નકારાત્મક સંશોધન કરી શકે નહી.

⇒ મદન ગોપાલ કેસ-1957માં સર્વોચ્ચ ન્યાયાલયે કહ્યુ હતું કે પ્રસ્તાવનાને ન્યાયાલયમાં પડકારી શકાય નહી.

23. "ખેતી અને પશુપાલનની આધુનિક વૈજ્ઞાનિક ધોરણે વ્યવસ્થા કરવાનો રાજ્ય પ્રયત્ન કરશે" એવી જોગવાઈ બંધારણનાં ક્યા અનુચ્છેદમાં કરવામાં આવી છે?

A. અનુચ્છેદ 45　　B. અનુચ્છેદ 46

C. અનુચ્છેદ 47　　D. અનુચ્છેદ 48

**જવાબ:- D. અનુચ્છેદ 48**

⇒ **અનુચ્છેદ 45:-** 6 વર્ષથી ઓછી વયના બાળકો માટે શરૂઆતની બાલ્યાવસ્થા દરમિયાન સંભાળ અને શિક્ષણની જોગવાઈ

⇒ **અનુચ્છેદ 46:-** અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને બીજા નબળા વર્ગોના શૈક્ષણિક તથા આર્થિક હિતોની અભિવૃદ્ધિ

⇒ **અનુચ્છેદ 47:-** પોષણ અને જીવનધોરણ ઊંચા લાવવાની તથા જાહેર આરોગ્ય સુધારવાની રાજ્યની ફરજ

⇒ **અનુચ્છેદ 48:-** ખેતી અને પશુપાલનની વ્યવસ્થા

⇒ **અનુચ્છેદ 48 ક:-** આ અનુચ્છેદ મહત્વનો હોવાથી અહીં તે યાદ રાખી લઈએ

- 42માં બંધારણીય સુધારાથી આ અનુચ્છેદ દાખલ કર્યો છે.
- "પર્યાવરણનું જતન અને સુધારણા તથા જંગલો અને વન્ય પશુ પક્ષીઓના રક્ષણ બાબત

Downloaded from www.gkgujarat.com

24. લોકસભાના સભ્યો દ્વારા ક્યા રંગનું રાષ્ટ્રીય પ્રતિક (National Symbol) ઉપયોગમાં લેવામાં આવે છે?

A. વાદળી રંગનું
B. લાલ રંગનું
C. લીલા રંગનું
D. કાળા રંગનું

**જવાબ:- C. લીલા રંગનું**

⇒ વાદળી રંગનું રાષ્ટ્રીય પ્રતિક ભારતનાં મંત્રીઓ દ્વારા ઉપયોગમાં લેવામાં આવે છે.

⇒ લાલ રંગનું રાષ્ટ્રીય પ્રતિક રાજ્યસભાના સભ્યો દ્વારા ઉપયોગમાં લેવામાં આવે છે.

25. સંઘ યાદી, રાજ્ય યાદી અને સંયુક્ત યાદી બંધારણની કેટલામી અનુસૂચિમાં આપવામાં આવી છે?

A. 3જી અનુસૂચિ
B. 5મી અનુસૂચિ
C. 7મી અનુસૂચિ
D. 9મી અનુસૂચિ

**જવાબ:- C. 7મી અનુસૂચિ**

⇒ **3જી અનુસૂચિ:-** વિભિન્ન પદાધિકારીઓએ હોદ્દાના લેવાના શપથ

⇒ **5મી અનુસૂચિ:-** અનુસૂચિત ક્ષેત્ર અને અનુસૂચિત જનજાતિય ક્ષેત્રોના વહીવટ બાબતની જોગવાઈ

⇒ **9મી અનુસૂચિ:-** પ્રથમ બંધારણીય સુધારાથી આ અનુસૂચિ જોડવામાં આવી. તેમાં સમાવિષ્ટ વિષયો ન્યાયાલયમાં પડકારી શકાતા નથી.

**સામાન્ય જ્ઞાનના દરેક વિષયોને લગતા વિડીયો જોવા માટે અમારી YouTube ચેનલ GK Gujarat.Comની મુલાકાત લો.**

**https://www.youtube.com/@GKGujarat.Com1**

Downloaded from www.gkgujarat.com 